મુંબઈ અને અમદાવાદથી પ્રસિદ્ધ થતું

સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ Volume 60 ■ પુસ્તક: ૧૯૬ ■ અંક: ૧૧૭ ■ વૈશાખ વદ - ૮ ■ વિક્રમ સંવત ૨૦૭૩ ■ મુંબઈ ■ (૧૨ + ૪ પાનાં મેટિની) કિંમત ₹ ૬.૦૦ ★

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

શુક્રવાર, ૧૯ મે, ૨૦૧૭

MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com

■ 19 May 2017, Friday ■ REGD.No. MCS/058/2015-17


## ગોવામાં પુલ તૂટી પડ્યો: બે જણનાં મોત, 30 ગુમ

*પણજી:* ગોવામાં સાર્વડે ખાતે પોર્ટુગીઝ યુગનો એક જૂનો પુલ ગુરુવારે સાંજે સાડાછ વાગ્યે તૂટી પડતા બે જણનાં મોત થયા હતા અને હજી સુધી ૩૦ જણ ગુમ છે જેમને શોધવાની કામગીરી મોડી રાત્રે પણ ચાલી રહી હતી.

નદીમાં કૂદકો મારીને આત્મહત્યાનો પ્રયાસ કરનાર યુવાનને બચાવવાની કામગીરી જોવા માટે ૫૦ જેટલા લોકો પુલ પર ભેગા થયા હતા ત્યારે પુલ તૂટી પડ્યો હતો.

વીસથી વધુ જણને બચાવી લેવામાં આવ્યા હતા પણ હજી ૩૦ જણ ગુમ છે. (એજન્સી)■

# આઈસીજેમાં પાકનું વસ્ત્રહરણ



# જાધવની ફાંસી પર સ્ટે

▸ ભારતને મોટી રાહત ▸ દેશભરમાં ખુશીની લહેરખી

▸ અંતિમ ચુકાદા સુધી સજા ન આપવા આદેશ

▸ જાધવને ભારતીય દૂતાલયના અધિકારીને મળવા દેવાનું ફરમાન

*ધ હેગ:* ધ ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસ (આઈસીજે)એ ભારતીય નાગરિક કુલભૂષણ જાધવને જાસૂસી અને ભાંગફોડ પ્રવૃત્તિઓ કરવાના આરોપો અંતર્ગત પાકિસ્તાનની લશ્કરી કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલી ફાંસીની સજા ઉપર મનાઈ હુકમ આપતા પાકિસ્તાનને ફટકો પડ્યો છે. આઈસીજેના ચુકાદાને કારણે ભારતને મોટી રાહત થઈ અને દેશભરમાં ખુશીની લહેરખી ફરી વળી હતી.

જાધવને ફટકારવામાં આવેલી મોતની સજા સામે યુનોની સર્વોચ્ચ અદાલતમાં ભારતે ધા નાખી એ બાદ અદાલતે આપેલા ઉક્ત આદેશને પગલે ભારતને આ કેસમાં મોટી સફળતા સાંપડી છે. ફાંસી સામે મનાઈ હુકમ આપતાં આઈસીજે દ્વારા પાકિસ્તાનને સૂચના આપવામાં આવી હતી કે કોર્ટ દ્વારા અંતિમ નિર્ણય આ કેસમાં જાહેર ન કરવામાં આવે ત્યાં સુધી જાધવને ફાંસી આપવામાં ન આવે, એની ખાતરી માટેના તમામ જરૂરી પગલાં ભરવાનું તેના માટે બંધનકર્તા છે.

૧૧ જજની બેન્ચ દ્વારા સર્વાનુમતે જાધવની ફાંસી પર મનાઈ હુકમ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આઈસીજેએ જણાવ્યું હતું કે વિયેના કરાર અનુસાર ભારતને રાજદ્વારી સ્તરે (જુઓ પાનું ૬) ▸▸



**જશન** પાકિસ્તાનમાં ફાંસીની સજાનો સામનો કરી રહેલા કુલભૂષણ જાધવની ફાંસી સામે મનાઈ ફરમાવાતા મુંબઈમાં તેના ઘરમાં તેના મિત્રોની આનંદની સીમા નહોતી રહી. (નિકોલસ ચાર્ડે)

## પાકની નફ્ફટાઇ

# આઈસીજેની વાત માનવાનો ઈનકાર

▸ સલામતીની બાબતોમાં આઈસીજેનું અધિકારક્ષેત્ર અમાન્ય

*ઇસ્લામાબાદ :* રાષ્ટ્રીય સુરક્ષા સંબંધી બાબતોમાં આંતરરાષ્ટ્રીય કોર્ટ ઑફ જસ્ટિસ(આઇસીજે)ના અધિકારક્ષેત્રને પાકિસ્તાન સ્વીકારતું નથી એમ એ દેશની વિદેશ કચેરી દ્વારા, ભારતના નાગરિક કુલભૂષણ જાધવની ફાંસી ઉપર મનાઇ હુકમ ફરમાવતો ચુકાદો યુનોની કોર્ટે આપ્યો એ બાદ જણાવવામાં આવ્યું હતું. વિદેશ ખાતાના પ્રવક્તા નફીસ ઝકરિયાએ ભારત પર ચાબખા મારીને જણાવ્યું હતું કે જાધવના કેસને આઇસીજેમાં લઇ જઇને એ દેશ તેનો અસલી ચહેરો છુપાવી રહ્યો છે.

આઈસીજેના ચુકાદાથી પાકિસ્તાન આઘાતમાં સરી પડ્યું છે કારણકે તેને વિશ્વાસ હતો કે અધિકારક્ષેત્રની ભૂમિકાના આધારે આઇસીજે આ કેસને ફગાવી દેશે.

કોર્ટનો ચુકાદો જાહેર થયો એ બાદ દેશના માલિકીના ટેલિવિઝન સમક્ષ બોલતાં ઝકરિયાએ જણાવ્યું હતું કે ભારત પોતાનો અસલી ચહેરો છુપાવી રહ્યું છે.

ભારતનો અસલી ચહેરો વિશ્વ સામે ખુલ્લો પડી ગયો હોવાનું તેમણે જણાવ્યું હતું, અને ઉમેર્યું હતું કે જાધવે ભાંગફોડ, ત્રાસવાદ અને ભાંગફોડની પ્રવૃત્તિઓ કરવાનો પોતાનો ગુનો કબૂલી લીધો છે.

તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાને આઇસીજેને માહિતગાર કરી દીધી છે કે રાષ્ટ્રીય સુરક્ષા સંબંધી બાબતમાં દેશ આઇસીજેનું અધિકાર ક્ષેત્ર નહીં સ્વીકારે. અલબત્ત, પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય કોર્ટમાં ભારતીય જાસૂસ સામેના નક્કર પુરાવા રજૂ કરશે એમ તેમણે જણાવ્યું હતું.

વડા પ્રધાનના વિદેશી બાબતો અંગેના સલાહકાર સરતાજ અઝીઝે જણાવ્યું હતું કે જાધવના કેસમાં આઇસીજે દ્વારા સ્ટે જારી કરવાનું પગલું કંઇ અસાધારણ ન કહેવાય. માહિતી પ્રધાન મરિયમ ઔરંગઝેબે જણાવ્યું હતું કે પાકિસ્તાન રાષ્ટ્રીય સુરક્ષાની બાબતમાં કોઇ જ બાંધછોડ કરશે નહીં.

(એજન્સી) ■

## ૧૦ નિરીક્ષણ આઇસીજેનાં

1. કુલભૂષણ જાધવ ભારતીય નાગરિક છે એવું ભારત અને પાકિસ્તાન બંને સ્વીકારે છે.
2. જાધવની ધરપકડના સંજોગો વિવાદાસ્પદ છે.
3. વિયેના સમજૂતી અનુસાર જાધવને ભારતનાં રાજદૂતને મળવા દેવા જોઈએ.
4. આ કેસ પ્રથમદર્શી રીતે અદાલતના અધિકારક્ષેત્રમાં આવે છે એવું કોર્ટ માને છે.
5. ભારત જે અધિકારના રક્ષણની વાત કરે છે એ નક્કી કરવા કોર્ટમાં ધા નથી નખાઈ પણ આ અધિકારો વાજબી છે કે નહીં એ નિર્ધારિત કરવા અદાલતમાં ધા નખાઈ છે.
6. ભારત દ્વારા દાવો કરાયેલા અધિકારોના વાજબીપણાને અમાન્ય ઠેરવવા માટેનો પૂરતો આધાર પાકિસ્તાનની દલીલો પુરવાર નથી કરી શકી. વિયેના સમજૂતી હેઠળના ભારતના અધિકારો વાજબી છે.
7. ભારત દ્વારા રજૂ કરાયેલા હકના રક્ષણ માટે કેટલાંક પગલાં લેવાની જરૂર છે.
8. અંતિમ આદેશ ન અપાય ત્યાં સુધી જાધવને ફાંસી ન અપાય એ માટેનાં બનતાં તમામ પગલાં લેવાનો આદેશ અદાલત પાકિસ્તાનને આપે છે.
9. અદાલતના નિર્દેશો બંધનકર્તા છે.
10. પાકિસ્તાને તેના દ્વારા લેવાયેલા પગલાંની માહિતી અદાલતને આપવી પડશે.

## જાધવના મિત્રોએ ફટાકડા ફોડ્યા

*મુંબઈ:* એક તરફ ભારતીય વકીલો કુલભૂષણ જાધવને બચાવવા માટે તનતોડ મહેનત કરી રહ્યા છે, ત્યારે આંતરરાષ્ટ્રીય કોર્ટમાં સકારાત્મક પરિણામ આવે એ માટે એમનાં મિત્રોએ મુંબઈમાં એમનાં ઘરે સાથે મળીને ભગવાનને પ્રાર્થના કરી હતી. જોકે એક વાર ફાંસીની સજા પર સ્ટે મુકાતા જાધવના લોઅર પરેલ અને પવઇમાંના ઘરમાં ભેગા થયેલા તેના મિત્રો તથા તેના શુભચિંતકોએ મીઠાઇ વેચીને તથા ફટાકડાં ફોડીને નિર્ણય વધાવી લીધો હતો. ચુકાદો જાહેર થયો એ સાથે જ આખા વિસ્તારમાં 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ્' જેવા નારા ગૂંજી ઉઠ્યા હતા.

જાધવનો બાળપણનો મિત્ર તુષાર પવાર અને અન્ય મિત્રોએ ગણેશ પૂજાનું આયોજન કરીને જાધવનાં પ્રાણની રક્ષા માટે પ્રાર્થના કરી હતી. કલાકો બાદ આંતરરાષ્ટ્રીય કોર્ટે જાધવની ફાંસીની સજા પર સ્ટે આપ્યો હતો.

પવારે જણાવ્યું હતું કે નેશનલ ડિફેન્સ (જુઓ પાનું ૬) ▸▸

## ૪ લપડાક પાકને

**૧** *ભારત અને પાકિસ્તાન વચ્ચેનો વિવાદ વિયેના સમજૂતી હેઠળ ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (આઈસીજે)ના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે.*

**૨** *વિયેના સમજૂતી હેઠળ જાધવને મળવા દેવાની ભારતીય દૂતાલયના અધિકારીને પરવાનગી અપાવવી જ જોઈએ એવી ભારતની દલીલ યોગ્ય.*

**૩** *ભારત અને પાકિસ્તાન વચ્ચેના ૨૦૦૮ના દ્વિપક્ષી કરાર હેઠળ આઈસીજેના અધિકારક્ષેત્રમાં આ કેસ નથી આવતો એવી પાકિસ્તાનની દલીલ આઈસીજેએ નકારી કાઢી હતી.*

**૪** *સુનાવણી ચાલુ છે ત્યારે જ પાકિસ્તાન જાધવને ફાંસી આપી દેશે એવી ભારતની દહેશતને પગલે આઈસીજેએ ફાંસી પર અંતિમ ચુકાદા સુધી સ્ટે મૂકી દીધો હતો.* ■

કોણે શું કહ્યું? જુઓ પાનું ૧૦



## હરીશ સાળવેએ ₹ ૧ લીધો અને



## પાક વકીલે પાંચ કરોડ લીધા

▸ ...છતાં કોઈ પણ પ્રકારની તૈયારી વિના આવેલા કુરેશી પછડાયા

*નવી દિલ્હી:* કુલભૂષણ જાધવના કેસમાં આંતરરાષ્ટ્રીય કોર્ટમાં ભારત તરફથી કેસ રજૂ કરનાર એડવોકેટ હરીશ સાળવેએ પોતાની ફી તરીકે માત્ર એક રૂપિયા ટૉકનરૂપે લીધા હતા, તો સામે પક્ષે પાકિસ્તાન તરફથી દલીલ કરવા માટે કોર્ટમાં હાજર થયેલા એડવોકેટ ખવાલ કુરેશીએ પૂરા પાંચ કરોડ રૂપિયા લીધા હોવા છતાં ચુકાદો ભારતનાં પક્ષમાં આવવાથી પાકિસ્તાનની પોલ ખૂલી ગઇ હતી.

આઇસીજેના ચુકાદા બાદ પાકિસ્તાનનાં એક ભૂતપૂર્વ રાજદૂતે જણાવ્યું હતું કે અમારા દેશનાં વકીલે દલીલો રજૂ કરવા માટે પાંચ કરોડ રૂપિયા લીધા, પણ તૈયારી ન કરી અને ભારતનાં વકીલે માત્ર એક રૂપિયો લીધો, પણ માર્ચથી જ તૈયારી કરીને કેસ પોતાની તરફેણમાં કરી લીધો હતો.

પાકિસ્તાનનાં અન્ય એક રાજદૂતે પાંગળો બચાવ કરતા જણાવ્યું હતું કે ભારતની તૈયારી મજબૂત હતી અને અમે તો ત્રણ-ચાર દિવસની તૈયારી કરીને કોર્ટમાં હાજર થયા હતા.

પાકિસ્તાનના અન્ય એક ભૂતપૂર્વ રાજદૂત ખાલિદ નિઝામીએ (જુઓ પાનું ૬) ▸▸

## મોદીને ચુકાદાથી સંતોષ

*નવી દિલ્હી:* કુલભૂષણ જાધવને પાકિસ્તાને સંભળાવેલી ફાંસીની સજા પર આંતરરાષ્ટ્રીય કોર્ટે આપેલા સ્ટેના આદેશ બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોર્ટનાં નિર્ણય પર સંતોષ વ્યક્ત કર્યો હતો. મોદીએ વિદેશ પ્રધાન સુષમા સ્વરાજનો મોદીએ ફોન પર આભાર માન્યો હતો અને ભારત તરફથી કેસ લડનાર એડવોકેટ હરીશ સાળવેના પ્રયત્નનાં વખાણ કર્યાં હતાં.

૧૧ ન્યાયાધીશવાળી આંતરરાષ્ટ્રીય કોર્ટે પાકિસ્તાનની સૈન્ય અદાલતે જાધવને આપેલી ફાંસીની સજા પર આપેલા સ્ટેના આદેશ બાદ વડા પ્રધાને સુષમાનો આભાર માન્યો હતો અને સાળવેનાં વખાણ કર્યાં હતાં.

(એજન્સી)■

## 'જો ટ્રિપલ તલાક પાપાચાર છે તો એ શ્રદ્ધાનો વિષય કઇ રીતે હોઇ શકે?'

▸ સર્વોચ્ચ અદાલતનો મુસ્લિમ સંસ્થાઓને વેધક સવાલ

*નવી દિલ્હી:* મુસ્લિમોમાં પ્રવર્તતી ટ્રિપલ તલાકની પ્રથાની બંધારણીય કાયદેસરતાને પડકારતી કુડીબંધ અરજીઓ અંગેનો ચુકાદો સુપ્રીમ કોર્ટ દ્વારા ગુરુવારે અનામત રાખવામાં આવ્યો હતો. જોકે મુસ્લિમ સંસ્થાઓને સુપ્રીમ કોર્ટે ગુરુવારે એવો પ્રશ્ન પૂછ્યો હતો કે તેઓ ભારપૂર્વક એવું કહી રહ્યા છે કે ટ્રિપલ તલાક પરંપરાગત છે, ધર્મશાસ્ત્રને અનુરૂપ નથી અને પાપી પ્રણાલિ છે ત્યારે એ શ્રદ્ધાનો વિષય કઇ રીતે હોઇ શકે.

સર્વોચ્ચ ન્યાયમૂર્તિ જે. એસ. ખેહરની આગેવાની હેઠળની પાંચ જજની બંધારણીય બેન્ચ દ્વારા છ દિવસ સુધી આ કેસની સુનાવણી કરવામાં આવી હતી એ દરમિયાન કેન્દ્ર સરકાર, ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ, ઓલ ઈન્ડિયા મુસ્લિમ મહિલા પર્સનલ લૉ બોર્ડ તથા અન્ય પક્ષકારો દ્વારા કોર્ટ સમક્ષ રજૂઆતો (જુઓ પાનું ૬) ▸▸



## કેન્દ્રીય પર્યાવરણ પ્રધાન અનિલ દવેનું ઓચિંતું નિધન

*નવી દિલ્હી:* કેન્દ્રના પર્યાવરણ ખાતાના પ્રધાન અને લાંબા સમયના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના સભ્ય અનિલ દવેનું અત્રે ગુરુવારે અવસાન થયું હતું. તેમની ઉંમર ૬૦ વર્ષની હતી. મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાનપદેથી કોંગ્રેસના દિગ્ગજ નેતા દિગ્વિજય સિંહને પરાભૂત કરવાનો ભાજપનો વ્યૂહ ઘડવા બદલ તેઓ ખૂબ જ પ્રસિદ્ધિ પામ્યા હતા.

મધ્ય પ્રદેશથી તેઓ બે મુદતથી રાજ્યસભાના સભ્યપદે ચૂંટાયા હતા. તેમને ગુરુવારે સવારે તેમના નિવાસસ્થાને અસ્વસ્થ થતાં તેમને એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા બાદ તેમનું અવસાન થયું હતું, એમ સત્તાવાર વર્તુળોએ જણાવ્યું હતું.

અનિલ દવે અપરણિત હતા. તેમના અવસાનના સમાચાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને આપ્યા હતા. ગઈકાલ સાંજથી તેઓ સદ્ગત દવે સાથે હતા (જુઓ પાનું ૬) ▸▸

## જીએસટી: અનાજ, દૂધ સસ્તાં થશે

*શ્રીનગર:* ગૂડ્સ ઍન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કાઉન્સિલે અનાજ, દાળ, દહીં અને દૂધ જેવી રોજબરોજ ઉપયોગમાં લેવાતી જણસો પર જીએસટી કર ન લાગુ કરવાનો નિર્ણય લીધો હોવાથી પહેલી જુલાઇથી એનાં ભાવ ઘટશે.

સામાન્ય વપરાશની હેરઓઇલ, સાબુ અને ટૂથપેસ્ટ જેવી વસ્તુઓ પર હાલ કેન્દ્ર અને રાજ્ય સરકારનાં વિવિધ કર માટે કુલ ૨૨-૨૪ ટકા કર ભરવો પડે છે, એને બદલે પહેલી જુલાઇ બાદ ૧૮ ટકાના દરે જીએસટી અથવા તો એકજ રાષ્ટ્રીય વેચાણ કર ભરવાનો રહેશે.

મીઠાઇ, ખાદ્યતેલ, ખાંડ, ચ્હા અને કોફી (ઇન્સ્ટન્ટ સિવાયની) પર સૌથી ઓછો પાંચ ટકા કર લેવામાં આવશે.

અનાજ, ખાસ કરીને ઘઉં અને ચોખાને જીએસટી નહીં લાગુ પડે અને માટે એનાં ભાવ પણ ઘટશે.

કેન્દ્રીય નાણાં પ્રધાન અરુણ જેટલીની અધ્યક્ષતામાં બધા જ (જુઓ પાનું ૬) ▸▸

## તો ભારતે યુનોની સલામતી સમિતિ પાસે જવું પડશે...

*નવી દિલ્હી:* કુલભૂષણ જાધવ મામલે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (આઈસીજી) ચુકાદો ભારતના પક્ષમાં આવી ગયો છે. કોર્ટે કહ્યું છે કે ભારતની કાઉન્સેલર એક્સેસની માગણી પાકિસ્તાન પૂરી કરે. આ સાથે જ કોર્ટે આ મામલે અંતિમ ચુકાદો આવે ત્યાં સુધી જાધવની ફાંસી પર રોક લગાવી દીધી છે. હવે જો પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય કોર્ટના આ ચુકાદાને ન માને તો ભારત શું કરશે? આ એક મોટો સવાલ છે. જો પાકિસ્તાન કોર્ટના ચુકાદાને ફગાવીને (જુઓ પાનું ૬) ▸▸


હોટલ ગૌતમ

Hotel GAUTAM

ગોવા

એક માત્ર પ્યોર વેજ. રિસોર્ટ

Contact Booking Office or your travel agent :
Mumbai - Tel.: (022) 28449855, 28449856, 28449857.
Goa - Tel.: (0832) 2416363
Website : www.hotelgautam.com

મહાબળેશ્વર, લોનાવાલા અને ગોવામાં પ્રાઈવેટ પૂલ વિલા પણ

મહાબળેશ્વર

ફાઉન્ટન હોટલ veg
Tel: M'war - 02168 260227 / 131
Opp. Koyna Valley, M'war - 412806

ફાઉન્ટન વિલેજ
Tel: M'war - 02168 260135 / 136
Opp. Bharat Petrol Pump, M'war - 412806
• All Rooms are A.C.• Lawn & Swimming Pool

W.: www.fountainhotel.co.in
E.: reservation@fountainhotel.co.in
W.: www.fountainvillage.in
E.: fountainvillagemwar@yahoo.com
Mumbai (H. O.) 2367 7182 2367 7282

Soam veg. restaurant
બાબુલનાથ મંદિર સામે, ચૌપાટી. ટેલી.: 2369 8080

FOR DESTINATION WEDDINGS